# VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

University Campus, Udhna-Magdalla Road, SURAT – 395 007

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, ઉધના–મગદલ્લા રોડ, સુરત – ૩૯૫ ૦૦૭

*(Accredited with B++ Grade by NAAC)*

**Tele.GRAM** : VNSGU **Phone** : 2227141 to 2227146 **Fax No** : (0261) 2227312

Email : sgu@sgu.ernet.in website :- www.sgu.ernet.in


## પરિપત્ર

યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતા અનુસ્નાતક અભ્યાસક્રમોના કેન્દ્રોમાં બોલાવાતા મુલાકાતી પ્રાધ્યાપકોને માટે સિન્ડિકેટે તા.૧૭–૭–૨૦૦૯ ના ઠરાવ ક્રમાંક : ૩ અન્વયે નીચે મુજબ મંજૂર કરેલ છે.

(૧) પ્રાધ્યાપકો તેમનો નકકી કરેલ ૧૮ તાસનો કાર્યભાર પૂર્ણ કર્યેથી વધારાના તાસ લે ત્યારે જ તેમને તાસ દીઠ રૂા. ૩૦૦/– (Consolidated) (મુસાફરી ભથ્થું તથા દૈનિક ભથ્થું મળવાપાત્ર નથી) ચૂકવવાના રહેશે.

(૨) ૧૬ + ૨ ના માળખામાં તાસ લેવાનો થાય તે સમયે,

અ. પોતાની કોલેજ સિવાય સ્થાનિક કક્ષાએ માત્ર રૂા.૬૦/– પ્રતિદિન કન્વેયન્સ તરીકે ચૂકવવાના રહેશે.

બ. બહારના કેન્દ્રમાં તાસ લેવા જાય તે સમયે માત્ર બીજા વર્ગનાં રેલ્વે / એસ.ટી. ભાડાં જેટલી રકમ ચૂકવવાની રહેશે.

ક. પોતાની કોલેજમાં સ્થાનિક ભથ્થું મળવાપાત્ર રહેશે નહી.

(૩) ખંડ સમયના પ્રાધ્યાપકોને તેમને ફાળવવામાં આવેલ કાર્યભાર ઉપરાંત વધારાના તાસ લે ત્યારે તેમને તાસ દીઠ રૂા. ૩૦૦/– (Consolidated) (મુસાફરી ભથ્થું તથા દૈનિક ભથ્થું મળવાપાત્ર નથી) ચૂકવવાના રહેશે.

(૪) ૧ પેપરના વાર્ષિક વધુમાં વધુ ૫૦ તાસ (પીરીયડ) લેવા અને જો ૧ પેપરનાં વાર્ષિક ૫૦ કરતા વધુ તાસ (પીરીયડ) થાય તો મહત્તમ ૬૦ સુધીનાં તાસ લેવા માટેની મા.કુલપતિશ્રીની પૂર્વ મંજૂરી લેવાની રહેશે.

(૫) અનુસ્નાતક શિક્ષક એક જ બાહ્ય કેન્દ્ર ઉપર મુલાકાતી શિક્ષક તરીકે શૈક્ષણિક કાર્ય કરી શકશે પરંતુ અન્ય બીજા બાહ્ય કેન્દ્ર પર મુલાકાતી શિક્ષક તરીકે જવા માટે મા.કુલપતિશ્રીની પૂર્વ મંજૂરી લેવાની રહેશે.

(૬) જે શિક્ષકને યુનિવર્સિટી દ્વારા અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપેલ હોય તેમને પોતાની માતૃ સંસ્થાના અનુસ્નાતક કેન્દ્રોમાં ફરજીયાત અધ્યાપન કાર્ય કરવાનું રહેશે અને તે તેમાં અધ્યાપન કાર્યનો અસ્વીકાર કરી શકશે નહી.

(૭) જે કેન્દ્રો પર પોતાની કોલેજના પીજી માન્યાતા પ્રાપ્ત અધ્યાપકો પૂરતા ન હોય તો તેવા કેન્દ્રો પર યુનિવર્સિટીની પૂર્વ પરવાનગી મેળવી બહારના અધ્યાપકોને મુલાકતી અધ્યાપકો તરીકે બોલાવી શકાશે.

ક્રમાંક : પીજી / વીટી/ ૮૭૦૨/ ૨૦૦૯

તા : ૨૫–૦૮–૨૦૦૯

કુલસચિવ

**નકલ સવિનય રવાના :** ........ *જાણ તેમજ ઘટતી કાર્યવાહી માટે...*

(૧) યુનિવર્સિટીનાં તમામ અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ

(૨) અનુસ્નાતક કેન્દ્રોનું સંચાલન કરતી સંલગ્ન કોલેજોનાં આચાર્યશ્રીઓ

(૩) સ્વનિર્ભર અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાનાં આચાર્યશ્રીઓ / નિયામકશ્રીઓ

(૪) મુખ્ય હિસાબી અધિકારીશ્રી, હિસાબી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત